**-:: વેંચાણ દસ્તાવેજ ::-**

શ્રી ગુજરાત રાજયનાં જૂનાગઢ જીલ્લાના વંથલી તાલુકાના ગામ મોજે શાપુર ગામનાં રેવન્યુ સર્વે નં. ૨૫૪ પૈકી (૨૫૪/૧/પૈકી ૨ ની જમીન એકર ૯-૨૪ ગુંઠા તથા ૨૫૪/૧/પૈકી ૩ ની જમીન એકર ૩-૧૩ ગુંઠા મળી કુલ જમીન એકર ૧૨-૩૭ ગુંઠા) તથા રેવન્યુ સર્વે નં. ૨૫૬ પૈકી (૨૫૬/પૈકી ૧ ની જમીન એકર ૩-૩૨ ગુંઠા તથા ૨૫૬/પૈકી ૨ ની જમીન એકર ૩-૨૬ ગુંઠા મળી કુલ જમીન એકર ૭-૧૮ ગુંઠા) ની મળી કુલ જમીન એકર ૨૦-૧૫ ગુંઠા ક્ષેત્રફળ ધરાવતી જમીનને રહેણાંકના હેતું માટે બીનખેતી કરવામાં આવેલ જમીન જે હાલ **"ન્યુ જૂનાગઢ"** ના નામથી ઓળખાય છે તેનાં મંજૂર થયેલ રીવાઈઝડ લે-આઉટ પ્લાન મુજબના પ્લોટો પૈકી પ્લોટ નં. ૮ ની જમીન ચો.મી. ૩૩૧.૨૦ આશરે તથા પ્લોટ નં. ૯ ની જમીન ચો.મી. ૩૩૯.૨૦ આશરે તથા પ્લોટ નં. ૧૦ ની જમીન ચો.મી. ૩૩૯.૨૦ આશરે તથા પ્લોટ નં. ૧૧ ની જમીન ચો.મી. ૩૩૯.૨૦ આશરે તથા પ્લોટ નં. ૧૨ ની જમીન ચો.મી. ૩૩૧.૨૦ આશરે મળી કુલ જમીન ચો.મી. ૧૬૮૦.૦૦ આશરેની જમીન ઉપર આવેલ **"ધી પ્લેનેટ"** ના નામથી ઓળખાતા કોમર્શીયલ બિલ્ડીંગ પૈકી ________ ફલોરમાં આવેલ દુકાન નં. _____ જેનું બાંધકામ ક્ષેત્રફળ બિલ્ટઅપ એરીયા ચો.મી. ________ આશરે ક્ષેત્રફળ ધરાવતી મિલ્કતનું કુલ રકમ રૂા. ______________ અંકે રૂપીયા ______________ ______________________ પુરામાં વેંચાણ દસ્તાવેજ....

---

**એક તરફવાળા (વેંચાણ આપનાર) :-**

**"રોયલ ઈન્ફ્રાસ્ટ્રકચર"** ના નામથી ઓળખાતી ભાગીદારી પેઢીના ભાગીદારો.... PAN: **AAUFR7119R**

(૧) **શ્રી રીતેશ વિનોદરાય ભટ્ટ**, ઉ.વ.આ. ૪૬,
ધંધો-વેપાર, ધર્મે-હિન્દુ, રહે. જૂનાગઢ.

(૨) **શ્રી રીતેષભાઈ વિનોદરાય ભટ્ટ (HUF)**, ઉ.વ.આ. ૪૬,
ધંધો-વેપાર, ધર્મે-હિન્દુ, રહે. જૂનાગઢ.

(3) **શ્રી અક્ષય રીતેષભાઈ ભટ્ટ**, ઉ.વ.આ. ૨૦,
ધંધો-વેપાર, ધર્મે-હિન્દુ, રહે. જૂનાગઢ.
નંબર ૧ થી ૩ નું સરનામુ : ગાર્ડનહીલ, એ/૬૦૨, રાયજીબાગ-૨, જૂનાગઢ.

(૪) **શ્રી વિરમ માલદેભાઈ સિંઘલ**, ઉ.વ.આ. ૫૦,
ધંધો-વેપાર, ધર્મે-હિન્દુ, રહે. જૂનાગઢ.

(૫) **શ્રી કૌશિક કિર્તીભાઈ વ્યાસ**, ઉ.વ.આ. ૪૩,
ધંધો-વેપાર, ધર્મે-હિન્દુ, ઠે. ૨૦૨/શ્રીજી પ્રવેશ,
મેલડી માતાના મંદિરની પાસે, યોગીરાજ સર્વિસ, સ્ટેશન પાછળ,
ટીંબાવાડી બાયપાસ, જૂનાગઢ.

(૬) **શ્રી મૌલિક કાંતીલાલ નાદપરા**, ઉ.વ.આ. ૨૮,
ધંધો-વેપાર, ધર્મે-હિન્દુ, રહે. જૂનાગઢ.

(૭) **શ્રી કાંતિલાલ રામજીભાઈ નાદપરા (HUF)**, ઉ.વ.આ. ૫૭,
ધંધો-વેપાર, ધર્મે-હિન્દુ, રહે. જૂનાગઢ.

રોયલ ઈન્ફ્રાસ્ટ્રકચર
J.M. [signature]
પાર્ટનર

Scanned by CamScanner

નંબર ૭ તથા ૮ નું સરનામુ : "અક્ષર" ગીતાનગર સોસાયટી,
નવી કલેક્ટર ઓફીસ પાસે, સરદારબાગ મેઈન રોડ, જૂનાગઢ.

(૮) **શ્રી જયેન્દ્ર માલદેભાઈ સિંઘલ,** ઉ.વ.આ. ૪૦,
ધંધો-વેપાર, ધર્મે-હિન્દુ, ઠે. બી-૪૬,
ગોકુલધામ, વર્ધમાનનગર, ઝાંઝરડા રોડ, જૂનાગઢ
નંબર ૮ જાતે તથા નંબર ૧ થી ૭ ના કુલમુખત્યાર દરજજે.

(જેઓને હવે પછી આ વેંચાણ દસ્તાવેજમાં "અમો" "એક તરફ વાળા" અગર "વેંચાણ આપનાર", એ રીતે સંબોધવામાં આવેલ છે. જેના અર્થમાં સદરહું "વેંચાણ આપનાર" ભાગીદારી પેઢી તથા તેના હાલના અને વખતો વખતના ભાગીદારો, વહીવટકર્તાઓ, એજન્ટો, ટ્રાન્સફરીઓ, સકસેસરો, એસાઈનીઓ, એકઝીકયુટરો, એકમીનીસ્ટ્રટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.)

<u>બીજી તરફવાળા (વેંચાણ રાખનાર)</u> :-

(૧) શ્રી ______________________, ઉ.વ.આ. ______,
ધંધો-______, ધર્મે-______, રહે. ________.

(૨) શ્રી ______________________, ઉ.વ.આ. ______,
ધંધો-______, ધર્મે-______, રહે. ________.

(જેઓને હવે પછી આ વેંચાણ દસ્તાવેજમાં "તમો" "બીજી તરફ વાળા" અગર "વેંચાણ રાખનાર", એ રીતે સંબોધવામાં આવેલ છે, જેનાં અર્થમાં સદરહું "વેંચાણ રાખનાર" તથા તેમના વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઈનીઓ, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.)

જત આ વેંચાણ દસ્તાવેજથી લખીએ છીએ કે :-

[૧] <u>મિલ્કતના ટાઈટલની વિગત</u> :-

– <u>રેવન્યુ સર્વે નં. ૨૫૪ પૈકીની જમીનના ટાઈટલની વિગત</u> :-

:એ: શાપુર ગામનાં રેવન્યુ સર્વે નં. ૨૫૪ તથા અન્ય સર્વે નંબરોની જમીનના માલીક કણબી બેચર જેરામ હતા, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડે હક્ક પત્રક નં. ૬ ના નોંધ નં. ૧૨૩ થી ચડી ગયેલ.

:બી: ત્યારબાદ ઉપરોક્ત વિગતેના રેવન્યુ સર્વે નં. ૨૫૪ ની જમીન એકર ૧૯-૧૩ ગુંઠા ક્ષેત્રફળ ધરાવતી જમીન શ્રી સોરઠ કો. ઓ. સ્પીનીંગ મીલ્સ લીમીટેડ, હા. શ્રી અજીતરાય છગનરાયએ તે જમીનના માલીક કણબી બેચરભાઈ જેરામભાઈ પાસેથી રજીસ્ટર વેંચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૨૬૮ તા. ૧૯-૦૪-૧૯૬૫ ના રોજ વેંચાણ રાખેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડે હક્ક પત્રક નં. ૬ ના નોંધ નં. ૧૧૪૯ થી ચડી ગયેલ.

:સી: ત્યારબાદ ઉપરોક્ત વિગતેના રેવન્યુ સર્વે નં. ૨૫૪ ની જમીન એકર ૧૯-૧૩ ગુંઠા ક્ષેત્રફળ ધરાવતી જમીન શ્રી જેઠાલાલ રવજીભાઈ પટેલ તથા ચત્રભુજભાઈ રવજીભાઈ પટેલએ તે જમીનના માલીક શ્રી સોરઠ કો. ઓ. સ્પીનીંગ મીલ્સ લીમીટેડના લીકવીડેટર વતી શ્રી મનહરલાલ રતીલાલ નારેમણીયા પાસેથી રજીસ્ટર વેંચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૯ તા. ૦૪-૦૧-૧૯૬૮ ના રોજ વેંચાણ રાખેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડે હક્ક પત્રક નં. ૬ ના નોંધ નં. ૧૩૨૭ થી ચડી ગયેલ.



રોયલ ઈન્ફ્રાસ્ટ્રકચર
J. M. [signature]

Scanned by CamScanner